# ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલની સભા શુક્રવાર, તા.૧૬/૦૨/૨૦૧૭નાં રોજ સાંજે ૪-૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ડો. એમ. એન. પટેલે સંભાળયું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

| ક્રમાંક સભ્યનું નામ | તા.૧૬/૦૨/૨૦૧૭ |
|---|---|
| ૧. ડો. એમ. એન. પટેલ, કુલપતિ | હાજર |
| ૨. ડો. પી. પી. પ્રજાપતિ | હાજર |
| ૩. પ્રિ. સૌરભ સી. ચોકસી | હાજર |
| ૪. પ્રો. આર. એસ. પટેલ | હાજર |
| ૫. ડો. મહેશભાઇ બી. પટેલ | હાજર |
| ૬. ડો. રૂષિકેશ વી. મહેતા | હાજર |
| ૭. ડો. એચ. એ. પંડયા | હાજર |
| ૮. ડો. બી. વી. પટેલ | હાજર |
| ૯. ડો. કે. એચ. ચીખલીયા | હાજર |
| ૧૦.ડો. પી. એન. ગજ્જર | હાજર |
| ૧૧.શ્રી મહેશભાઇ કસવાલા | હાજર |
| ૧૨.ડો. દિગ્વિજયસિંહ ગોહિલ | હાજર |
| ૧૩.ડો. મયુરીબેન પંડયા | હાજર |
| ૧૪.ડો. કેતન દેસાઇ | ગેરહાજર |
| ૧૫.ડો. પી. આર. પટેલ | ગેરહાજર |
| ૧૬.ડો. એચ. સી. સરદાર | હાજર |
| ૧૭.ડો. કિર્તીદા શાહ | હાજર |
| ૧૮.ડો. રંજનાબેન અરગડે | ગેરહાજર |
| ૧૯.ડો. કમલેશ ચોકસી | હાજર |
| ૨૦.ડો. વિકેશ પંડયા | હાજર |
| ૨૧.ડો. મુકેશ ખટીક | હાજર |
| ૨૨.ડો. એ. કે. દેસાઇ | હાજર |
| ૨૩.ડો. મહિપતસિંહ ચાવડા | હાજર |



88-75-05-2017

૨૪.ડો. અર્ચના માંકડ હાજર

૨૫.ડો. મીનુ શરાફ હાજર

૨૬.ડો. એન. કે. જૈન ગેરહાજર

૨૭.ડો. દર્શના ત્રિવેદી હાજર

૨૮.ડો. આર. ટી. સાવલીયા ગેરહાજર

૨૯.શ્રી પંકજભાઇ શુકલા હાજર

૩૦.ડો. પંકજભાઇ ઠાકર હાજર

૩૧.ડો. ધરમસિંહ દેસાઇ ગેરહાજર

બા.ક્ર.૧ તા.૦૬-૦૧-૨૦૧૭ના રોજ મળેલ એકેડેમિક કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે કે તા.૦૬-૦૧-૨૦૧૭ના રોજ મળેલ એકેડેમિક કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવામાં આવી.**

**આ ઉપરાંત સદરહુ નોંધના ઠરાવ નં.૧૦થી શિસ્તભંગના પગલાં લેવા સર્વાનુમતે માન. કુલપતિશ્રીને સત્તા આપવાનું ઠરાવવામાં આવ્યું હતું, જે બાબત અંગે તા.૬/૧/૨૦૧૭ની એકિઝકયુટિવ કાઉન્સિલની મીટીંગમાં વિગતે ચર્ચા કરવામાં આવી હતી. ત્યારબાદ ઉર્દુ અને પર્શીયન ડિપાર્ટમેન્ટના પ્રોબેશન પર ફરજ બજાવતા અધ્યાપક શ્રી એમ. આર. શેખ ધ્વારા બિભત્સ ભાષાનો પ્રયોગ અને બેહુદુ વર્તન હાલમાં પણ ચાલું જ હોવાની ફરિયાદ ભવનના બીજા અધ્યાપકો ધ્વારા કરવામાં આવતા, ચર્ચાવિચારણા બાદ ઠરાવવામાં આવ્યું કે શ્રી શેખે અધ્યાપકની ગરિમાને ન શોભે તેવું કૃત્ય કરેલ હોઇ, શિસ્તભંગ અને ગેરવર્તણુંક સહિતના પગલાંના ભાગરૂપે શ્રી એમ. આર. શેખને તાત્કાલિક અસરથી બરતરફ કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવાનું રાખવું.**

બા.ક્ર.૨ કુલપતિશ્રીએ મંજુર કરેલા નીચેના કાર્યો જાણ સારૂ.

૨(૧) કવિતા એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત પ્રેસિડેન્ટ કોલેજ ઓફ એજયુકેશન, ગોપાલનગર પાસે, મુ.બોરીસણા, તા.કલોલ, જી. ગાંધીનગરની શૈક્ષણિક વર્ષ ૨૦૧૩-૧૪ માટે બી.એડ. કોર્ષના ચાલુ (એડહોક) જોડાણ માટે આવેલ અરજી પરત્વે અત્રેથી મુકેલ સ્થાનિક તપાસ સમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામુ બહાર પાડયાનું.

| **વિષયો-અભ્યાસક્રમો** | **સીટો** | **જોડાણ પ્રકાર** | **મુદત** |
|---|---|---|---|
| બી.એડ.<br>(સ્વનિર્ભર ધોરણે)<br>(CBCS મુજબ) | ૧૦૦ | ચાલુ<br>(એડહોક) | તા.૦૧-૦૭-૨૦૧૩<br>થી<br>તા.૩૦-૦૬-૨૦૧૪ સુધી |

૨(૨) બી.એમ.ઈન્સ્ટીટયુટ ઓફ મેન્ટલ હેલ્થ, નહેરૂબ્રીજ પાસે, આશ્રમ રોડ, અમદાવાદ-૯ની શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૧૬ માટે PGDRP (પોસ્ટ ગ્રેજયુએટ ડીપ્લોમા ઈન રીહેબીલીએશન સાયકોલોજી) કોર્ષના

ચાલુ (એડહોક) જોડાણ માટે આવેલ અરજી પરત્વે અત્રેથી મુકેલ સ્થાનિક તપાસ સમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામુ બહાર પાડયાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટો | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|---|
| પોસ્ટ ગ્રેજયુએટ ડિપ્લોમા ઈન રીહેબીલીએશન સાયકોલોજી (PGDRP) | ૨૫ સીટ | ચાલુ (એડહોક) | તા.૦૧-૦૭-૨૦૧૫ થી તા.૩૦-૦૬-૨૦૧૬ સુધી |

૨(૩) બી.એમ.ઈન્સ્ટીટયુટ ઓફ મેન્ટલ હેલ્થ, નહેરૂબ્રીજ પાસે, આશ્રમ રોડ, અમદાવાદ-૯ની શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭ માટે PGDRP (પોસ્ટ ગ્રેજયુએટ ડીપ્લોમા ઈન રીહેબીલીએશન સાયકોલોજી) કોર્ષના ચાલુ (એડહોક) જોડાણ માટે આવેલ અરજી પરત્વે અત્રેથી મુકેલ સ્થાનિક તપાસ સમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામુ બહાર પાડયાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટો | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|---|
| પોસ્ટ ગ્રેજયુએટ ડિપ્લોમા ઈન રીહેબીલીએશન સાયકોલોજી (PGDRP) | ૨૫ સીટ | ચાલુ (એડહોક) | તા.૦૧-૦૭-૨૦૧૬ થી તા.૩૦-૦૬-૨૦૧૭ સુધી |

૨(૪) કલોલ ઈન્સ્ટીટયુટ ઓફ આર્કિટેકચર એન્ડ ડિઝાઈન, કે.આઈ.આર.સી. કેમ્પસ, અમદાવાદ-મહેસાણા હાઈવે, મુ.કલોલ-૩૮૨૭૨૧, જી.ગાંધીનગરની શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭ માટે ઈન્ટીરીયર ડિઝાઈન કોર્ષના ચાલુ (એડહોક) જોડાણ માટે આવેલ અરજી પરત્વે અત્રેથી મુકેલ સ્થાનિક તપાસ સમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામુ બહાર પાડયાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટો | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|---|
| ઈન્ટીરીયર ડિઝાઈન (આર્કિટેકચર કોર્ષના વધારાના વિષય તરીકે) (સ્વનિર્ભર ધોરણે) | ૪૦ | ચાલુ (એડહોક) | તા.૦૧-૦૭-૨૦૧૬ થી તા.૩૦-૦૬-૨૦૧૭ સુધી |

૨(૫) ખ્યાતી ઈન્સ્ટીટયુટ ઓફ સાયન્સ, પ્લોટ નં-૧૧૬, વ્રજ ગોપી-૨ પાસે, ઈલેકટ્રોથર્મની પાછળ, શીલજ-પલોડીયા રોડ, પલોડીયા, અમદાવાદ-૩૮૦૦૫૮ની શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭ માટે બી.એસ.સી. કોર્ષના ચાલુ (એડહોક) જોડાણ માટે આવેલ અરજી પરત્વે અત્રેથી મુકેલ સ્થાનિક તપાસ સમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામુ બહાર પાડયાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટો | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|---|
| પ્રથમ વર્ષ બી.એસ.સી. દ્રિતીય વર્ષ બી.એસ.સી. (સ્વનિર્ભર ધોરણે) (CBCS મુજબ) | ૫૨૦ | ચાલુ નવુ (એડહોક) | તા.૧૫-૦૬-૨૦૧૬ થી તા.૧૪-૦૬-૨૦૧૭ સુધી |

૨(૬) જે એન્ડ આર.કોલેજ ઓફ એજયુકેશન, પો.બો.નં-૪, ઝાલોદ રોડ, દાહોદ-૩૮૯૧૫૧ની શૈક્ષણિક વર્ષ ૨૦૧૪-૧૫ માટે બી.એડ. કોર્ષના ચાલુ (એડહોક) જોડાણ માટે આવેલ અરજી પરત્વે અત્રેથી મુકેલ સ્થાનિક તપાસ સમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામુ બહાર પાડયાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટો | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|---|
| બી.એડ. (સ્વનિર્ભર ધોરણે) (CBCS મુજબ) | ૧૦૦ સ્ટુડન્ટ | ચાલુ (એડહોક) | તા.૦૧-૦૭-૨૦૧૪ થી તા.૩૦-૦૬-૨૦૧૫ સુધી |

૨(૭) જે એન્ડ આર. કોલેજ ઓફ એજયુકેશન, પો.બો.નં-૪, ઝાલોદ રોડ, દાહોદ-૩૮૯૧૫૧ની શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૧૬ માટે બી.એડ. કોર્ષના ચાલુ (એડહોક) જોડાણ માટે આવેલ અરજી પરત્વે અત્રેથી મુકેલ સ્થાનિક તપાસ સમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામુ બહાર પાડયાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટો | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|---|
| બી.એડ. (સ્વનિર્ભર ધોરણે) (CBCS મુજબ) | ૧૦૦ સ્ટુડન્ટ (Two Basic Units) | ચાલુ (એડહોક) | તા.૦૧-૦૭-૨૦૧૫ થી તા.૩૦-૦૬-૨૦૧૬ સુધી |

૨(૮) સહજાનંદ કોલેજ ઓફ એજયુકેશન, માધવ એજયુકેશન કેમ્પસ, વસ્ત્રાલ રોડ, વસ્ત્રાલ, અમદાવાદ-૩૮૨૪૧૮ની શૈક્ષણિક વર્ષ ૨૦૧૩-૧૪ થી ૨૦૧૪-૧૫ માટે બી.એડ. કોર્ષના ચાલુ (એડહોક) જોડાણ માટે આવેલ અરજી પરત્વે અત્રેથી મુકેલ સ્થાનિક તપાસ સમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામુ બહાર પાડયાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટો | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|---|
| બી.એડ. (સ્વનિર્ભર ધોરણે) (CBCS મુજબ) | ૧૦૦ સ્ટુડન્ટ | ચાલુ (એડહોક) | તા.૦૧-૦૭-૨૦૧૩ થી તા.૩૦-૦૬-૨૦૧૫ સુધી |

૨(૯) સહજાનંદ કોલેજ ઓફ એજયુકેશન, માધવ એજયુકેશન કેમ્પસ, વસ્ત્રાલ રોડ, વસ્ત્રાલ, અમદાવાદ-૩૮૨૪૧૮ની શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૧૬ માટે બી.એડ. કોર્ષના ચાલુ (એડહોક) જોડાણ માટે આવેલ અરજી પરત્વે અત્રેથી મુકેલ સ્થાનિક તપાસ સમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામુ બહાર પાડયાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટો | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|---|
| બી.એડ. (સ્વનિર્ભર ધોરણે) (CBCS મુજબ) | ૫૦ સ્ટુડન્ટ (One Basic Units) | ચાલુ (એડહોક) | તા.૦૧-૦૭-૨૦૧૫ થી તા.૩૦-૦૬-૨૦૧૬ સુધી |

૨(૧૦) ગાયત્રી કોલેજ ઓફ એજયુકેશન, પાયલનગર પાસે, મ્યુનિ.ગાર્ડનની સામે, નરોડા, અમદાવાદ-૩૮૨૩૩૦ની શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭ માટે બી.એડ. કોર્ષના ચાલુ (એડહોક) જોડાણ માટે આવેલ અરજી પરત્વે અત્રેથી મુકેલ સ્થાનિક તપાસ સમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામુ બહાર પાડયાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટો | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|---|
| બી.એડ.<br>(સ્વનિર્ભર ધોરણે)<br>(CBCS મુજબ) | ૫૦ x ૨= ૧૦૦ વિધાર્થી<br>(Two Basic Units) | ચાલુ<br>(એડહોક) | તા.૦૧-૦૭-૨૦૧૬<br>થી<br>તા.૩૦-૦૬-૨૦૧૭<br>સુધી |

૨(૧૧) જી.એલ.એસ.લો કોલેજ, લો ગાર્ડન સામે, એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬ની શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ માટે Five Year B.A.,LL.B. (Intigrated Course) કોર્ષના ચાલુ (એડહોક) જોડાણ માટે આવેલ અરજી પરત્વે અત્રેથી મુકેલ સ્થાનિક તપાસ સમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામુ બહાર પાડયાનું.

| વિષયો-અભ્યાસક્રમો | ડિવીઝન | સીટો | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|---|---|
| Five Year B.A.,LL.B. Course<br>પ્રથમ વર્ષ<br>દ્વિતીય વર્ષ<br>તૃતીય વર્ષ<br>(સ્વનિર્ભર ધોરણે) | ૦૨ | ૧૨૦ | ચાલુ<br>ચાલુ<br>નવુ<br>(એડહોક) | તા.૧૫-૦૬-૨૦૧૭<br>થી<br>તા.૧૪-૦૬-૨૦૧૮<br>સુધી |

૨(૧૨) યુનાઈટેડ વર્લ્ડ સ્કુલ ઓફ લો, એ/૯૦૭,કર્ણાવતી નોલેજ વિલેજ, અડાલજ-ઉવારસદ રોડ,એસ.જી.હાઈવે, મુ.ઉવારસદ,જી.ગાંધીનગર-૩૮૨૪૨૨ની શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ માટે Five Year BBA.,LL.B. (Intigrated Course) કોર્ષના ચાલુ (એડહોક) જોડાણ માટે આવેલ અરજી પરત્વે અત્રેથી મુકેલ સ્થાનિક તપાસ સમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામુ બહાર પાડયાનું.

| વિષયો-અભ્યાસક્રમો | ડિવીઝન | સીટો | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|---|---|
| Five Year BBA.,LL.B. Course<br>પ્રથમ વર્ષ<br>દ્વિતીય વર્ષ<br>તૃતીય વર્ષ<br>ચતુર્થ વર્ષ<br>(સ્વનિર્ભર ધોરણે) | ૦૨ | ૧૨૦ | ચાલુ<br>ચાલુ<br>ચાલુ<br>નવુ<br>(એડહોક) | તા.૦૧-૦૭-૨૦૧૭<br>થી<br>તા.૩૦-૦૬-૨૦૧૮<br>સુધી |

૨(૧૩) કર્ણાવતી સ્કુલ ઓફ ડેન્ટીસ્ટ્રી, એ/૯૦૭, કર્ણાવતી નોલેજ વિલેજ, અડાલજ-ઉવારસદ રોડ, એસ.જી.હાઈવે, મુ.ઉવારસદ,જી.ગાંધીનગર-૩૮૨૪૨૨ની શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ માટે એમ.ડી.એસ. કોર્ષના ચાલુ

(એડહોક) જોડાણ માટે આવેલ અરજી પરત્વે અત્રેથી મુકેલ સ્થાનિક તપાસ સમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામુ બહાર પાડયાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટો | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|---|
| M.D.S.Part-I/II & III<br>1: Paedodontics and Preventive Dentistry<br>2: Periodontology<br>3: Oral Pathology & Microbiology<br>4: Oral Medicine & Rediology<br>5: Conservative Dentistry and Endodontice<br>6: Orthodontics and Dentistry Orthopedics<br>7:Posthodontics and Dentofacial Orthopendics<br>8: Oral Surgery (સ્વનિર્ભર ધોરણે) | ૩<br>૩<br>૩<br>૩<br>૩<br>૩<br>૩<br>૩<br>૨૪ | ચાલુ<br>(એડહોક) | તા.૦૧-૦૫-૨૦૧૭<br>થી<br>તા.૩૦-૦૪-૨૦૧૮<br>સુધી |

૨(૧૪) કર્ણાવતી સ્કુલ ઓફ ડેન્ટીસ્ટ્રી, એ/૯૦૭, કર્ણાવતી નોલેજ વિલેજ, અડાલજ-ઉવારસદ રોડ, એસ.જી.હાઈવે, મુ.ઉવારસદ,જી.ગાંધીનગર-૩૮૨૪૨૨ની શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ થી ૨૦૧૯-૨૦ સુધી બી.ડી.એસ. કોર્ષના ચાલુ (એડહોક) જોડાણ માટે આવેલ અરજી પરત્વે અત્રેથી મુકેલ સ્થાનિક તપાસ સમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામુ બહાર પાડયાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટો | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|---|
| પ્રથમ વર્ષ બી.ડી.એસ.<br>દ્વિતીય, તૃતીય, ચતુર્થ, પાંચમુ વર્ષ બી.ડી.એસ.<br>(સ્વનિર્ભર ધોરણે) | ૧૦૦ | ચાલુ<br>ચાલુ<br>(એડહોક) | તા.૦૧-૦૮-૨૦૧૭<br>થી<br>તા.૩૧-૦૭-૨૦૨૦ સુધી<br>(ત્રણ વર્ષ) |

૨(૧૫) શ્રેય ઈન્સ્ટીટયુટ ઓફ એલાઈડ સાયન્સીસ, પ્લોટ નં-૨૪૪/બી, અંબિકા પાર્ટી પ્લોટ પાસે, નારણપુરા, અમદાવાદ-૧૩ની શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ માટે બી.એસ.સી.(નર્સિંગ) કોર્ષના ચાલુ (એડહોક) જોડાણ માટે આવેલ અરજી પરત્વે અત્રેથી મુકેલ સ્થાનિક તપાસ સમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામુ બહાર પાડયાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટો | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|---|
| પ્રથમ વર્ષ બી.એસસી. (નર્સિગ)<br>દ્વિતીય વર્ષ બી.એસસી. (નર્સિગ)<br>તૃતીય વર્ષ બી.એસસી. (નર્સિગ)<br>ચતુર્થ વર્ષ બી.એસસી. (નર્સિગ)<br>(સ્વનિર્ભર ધોરણે) | ૪૦ | ચાલુ<br>ચાલુ<br>ચાલુ<br>નવુ<br>(એડહોક) | તા.૦૧-૦૮-૨૦૧૭<br>થી<br>તા.૩૧-૦૭-૨૦૧૮ સુધી |

૨(૧૬) શ્રી સહજાનંદ કોલેજ ઓફ સાયન્સ, હાંસલપુર-સોકલી, તા.વિરમગામ,જી.અમદાવાદ-૩૮૨૧૫૦ની શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭ માટે બી.એસ.સી. કોર્ષના ચાલુ (એડહોક) જોડાણ માટે આવેલ અરજી પરત્વે અત્રેથી મુકેલ સ્થાનિક તપાસ સમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામુ બહાર પાડયાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટો | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|---|
| પ્રથમ વર્ષ બી.એસસી.<br>દ્રિતીય વર્ષ બી.એસસી.<br>(સ્વનિર્ભર ધોરણે)<br>(CBCS મુજબ) | ૨૬૦ | ચાલુ<br>નવુ<br>(એડહોક) | તા.૧૫-૦૬-૨૦૧૬<br>થી<br>તા.૧૪-૦૬-૨૦૧૭ સુધી |

૨(૧૭) કવિતા એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત પ્રેસિડેન્ટ કોલેજ ઓફ એજયુકેશન, ગોપાલનગર પાસે, મુ.બોરીસણા, તા.કલોલ, જી.ગાંધીનગરની શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭ માટે બી.એડ. કોર્ષના ચાલુ (એડહોક) જોડાણ માટે આવેલ અરજી પરત્વે અત્રેથી મુકેલ સ્થાનિક તપાસ સમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામુ બહાર પાડયાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટો | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|---|
| બી.એડ.<br>(સ્વનિર્ભર ધોરણે)<br>(CBCS મુજબ) | ૫૦ X ૨=૧૦૦<br>(Two Basic Units) | ચાલુ<br>(એડહોક) | તા.૦૧-૦૭-૨૦૧૬<br>થી<br>તા.૩૦-૦૬-૨૦૧૭<br>સુધી |

૨(૧૮) ખ્યાતી ઈન્સ્ટીટયુટ ઓફ ઈન્ટીગ્રેટેડ લો, પ્લોટ નં-૧૧૬,વ્રજગોપી-૨,ઈલેકટ્રોથર્મની પાછળ, શીલજ-પલોડીયા રોડ, પલોડીયા, અમદાવાદ-૩૮૦૦૫૮ની શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭ માટે બી.કોમ.,એલ.એલ.બી.( Five Year Intigrated Course) કોર્ષના ચાલુ (એડહોક) જોડાણ માટે આવેલ અરજી પરત્વે અત્રેથી મુકેલ સ્થાનિક તપાસ સમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામુ બહાર પાડયાનું.

| વિષયો-અભ્યાસક્રમો | ડિવીઝન | સીટો | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|---|---|
| Five Year B.Com., LL.B. Course<br>પ્રથમ વર્ષ<br>દ્રિતીય વર્ષ<br>(સ્વનિર્ભર ધોરણે) | ૦૨ | ૧૨૦ | ચાલુ<br>નવુ<br>(એડહોક) | તા.૧૫-૦૬-૨૦૧૬<br>થી<br>તા.૧૪-૦૬-૨૦૧૭<br>સુધી |

૨(૧૯) કવિતા એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત પ્રેસિડન્ટ કોલેજ ઓફ એજયુકેશન, ગોપાલનગર પાસે, મુ.બોરીસણા, તા.કલોલ,જી.ગાંધીનગરની શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૧૬ માટે બી.એડ. કોર્ષના ચાલુ (એડહોક) જોડાણ માટે આવેલ અરજી પરત્વે અત્રેથી મુકેલ સ્થાનિક તપાસ સમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામુ બહાર પાડયાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટો | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|---|
| બી.એડ.<br>(સ્વનિર્ભર ધોરણે)<br>(CBCS મુજબ) | ૫૦ X ૨=૧૦૦<br>(Two Basic Units) | ચાલુ<br>(એડહોક) | તા.૦૧-૦૭-૨૦૧૫<br>થી<br>તા.૩૦-૦૬-૨૦૧૬<br>સુધી |

૨(૨૦) (૧) મનોવિજ્ઞાન બોર્ડ ઓફ સ્ટડીઝની ગુજરાત યુનિવર્સિટીમાં બી.એ./એમ.એ./ડી.સી.સી.પી.૧ અને ૨/ ડી.સી.ઈ.સી./ડી.સી.સી.પી.સી. અને પી.જી.ડી.આર.પી. વિષયના બોર્ડની તા.૨૪-૦૧-૨૦૧૭ના રોજ મળેલ મીટીંગની મીનીટસને મંજૂર કર્યાનું. (૨) તત્વજ્ઞાન વિષય બોર્ડ ઓફ સ્ટડીઝની ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં તા.૨૭-૦૧-૨૦૧૭ના રોજ મળેલ મીટીંગની મીનીટસને મંજૂર કર્યાનું.

૨(૨૧) વૈદિક ડેન્ટલ કોલેજ એન્ડ રીસર્ચ સેન્ટર, દમણ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ સામે, વાસુકીનાથ મહાદેવ મંદિર પાસે,.મુ.કડૈયા, નાની દમણ-૩૯૬૨૧૦ની શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ માટે બી.ડી.એસ. કોર્ષનું એડહોક જોડાણ માટે આવેલ અરજી પરત્વે અત્રેથી મુકેલ સ્થાનિક તપાસ સમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામુ બહાર પાડયાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટો | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|---|
| પ્રથમ વર્ષ બી.ડી.એસ.<br>દ્રિતીય,તૃતીય,ચતુર્થ,પાંચમુ વર્ષ<br>બી.ડી.એસ.<br>(સ્વનિર્ભર ધોરણે) | ૧૦૦ | ચાલુ<br>(એડહોક) | તા.૧-૦૮-૨૦૧૭<br>થી<br>તા.૩૧-૦૭-૨૦૧૮<br>સુધી |

૨(૨૨) વિઝન એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ પોસ્ટ ગ્રેજયુએટ ડિપ્લોમા, ગુજરાત યુનિવર્સિટી પાસે, વિજય ચાર રસ્તા, નવરંગપુરા, અમદાવાદની ઓ.૧૨૦-સી (રેકગ્નાઈઝડ ઈન્સ્ટીટયુટ) હેઠળ પી.જી.ડિપ્લોમા ઈન ટેક્ષેશન (૨)પી.જી.ડિપ્લોમા ઈન ઈમ્પોર્ટ-એક્ષપોર્ટ (૩) પી.જી.ડિપ્લોમા ઈન ઈવેન્ટ મેનેજમેન્ટ/પ્રોજેકટ મેનેજમેન્ટ (૪) પી.જી.ડિપ્લોમા ઈન કોમ્પ્યુટર એકાઉન્ટીંગ (૫) પી.જી.ડિપ્લોમા ઈન હયુમન રિસોર્સ મેનેજમેન્ટ (૬) પી.જી.ડિપ્લોમા ઈન બેકીંગ મેનેજમેન્ટ (૭) પી.જી.ડિપ્લોમા ઈન જર્નાલિઝમ મિડીયા એન્ડ કોમ્યુનિકેશન (૮)પી.જી.ડિપ્લોમા ઈન ડીજીટલ માર્કેટીંગ ચલાવવાની નવી (એડહોક) માન્યતા મેળવવા માટે આવેલ અરજી પરત્વ એલ.આઈ.સી.ની ભલામણના આધારે માન.કુલપતિશ્રીના આદેશાનુસાર કોર્સ દીઠ ૬૦ સીટની નવી (એડહોક) માન્યતા આપ્યાનું.

૨(૨૩) CBCS મુજબ નીચેના વિષયોની અભ્યાસસમિતિની મીટીંગની મીનીટસ મંજુર કર્યાનું.

(૧) અંગ્રેજી વિષયના બોર્ડ ઓફ સ્ટડીઝની ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય ખાતે યુ.જી./પી.જી.ના અભ્યાસક્રમને શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ માટે અંગ્રેજી વિષયના બોર્ડની તા.૨-૨-૨૦૧૭ના રોજ મળેલ મીટીંગની મીનીટસ મંજુર કર્યાનું.

(૨) કોમ્પ્યુટર સાયન્સ વિષયના બી.એસસી. સેમેસ્ટર ૧-૨ના બોર્ડ ઓફ સ્ટડીઝની ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય ખાતે અભ્યાસક્રમને શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭ માટે કોમ્પ્યુટર સાયન્સ બી.એસસી.સેમેસ્ટર ૧-૨ની તા.૬-૨-૨૦૧૭ના રોજ મળેલ મીટીંગની મીનીટસને મંજુર કર્યાનું.

(૩) કોમ્પ્યુટર એપ્લીકેશન વિષયના બી.એ.સેમેસ્ટર-૬ના બોર્ડ ઓફ સ્ટડીઝની ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય ખાતે અભ્યાસક્રમને શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭ માટે કોમ્પ્યુટર એપ્લીકેશન બી.એ.સેમેસ્ટર-૬ની તા.૬-૨-૨૦૧૭ના રોજ મળેલ મીટીંગની મીનીટસને મંજૂર કર્યાનું.

(૪)કોમ્પ્યુટર સાયન્સ વિષયના એમ.એસસી. સેમેસ્ટર ૧-૨ના બોર્ડ ઓફ સ્ટડીઝની ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય ખાતે અભ્યાસક્રમને શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૨૦૧૭ માટે કોમ્પ્યુટર સાયન્સ એમ.એસસી.સેમેસ્ટર ૧-૨ની તા.૬-૨-૨૦૧૭ના રોજ મળેલ મીટીંગની મીનીટસને મંજૂર કર્યાનું.

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજુર કરેલ ઉપરોકત ક્રમાંક : ૨(૧) થી ૨(૨૩) સુધીના કાર્યોની નોંધ લઇ મંજુર કરવાનું રાખવું અને તદ્નુસાર એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવાનું રાખવું.**

બા.ક્ર.૩ તા.૧-૯-૨૦૧૬ના રોજ માન.કુલપતિશ્રીના આદેશ અન્વયે P.E.C. (પ્રોવિઝનલ એલીજીબીલીટી સર્ટીફિકેટ) અંગેની પોલીસી અંગે ડાં.બી.વી.પટેલ તથા જુદી જુદી વિધાશાખાના ડીનશ્રીની કમિટીની મીટીંગ મળેલ હતી, સદર કમિટીનો અહેવાલ મંજૂરી અર્થે એકેડેમિક કાઉન્સિલમાં મૂકવામાં આવેલ હતો.

એકેડેમિક કાઉન્સિલ તા.૧૩-૧૦-૨૦૧૬ના રોજ સવારે ૧૦-૩૦ કલાકે મળી હતી, અત્રે સદર બાબત બા.ક્ર.૬ અન્વયે પરિશિષ્ટ-૩-માં સામેલ કરવામાં આવેલ છે. સદર બાબતે કરેલ ઠરાવમાં શરત ચૂક થયેલ જણાય છે, તો આ અંગે થયેલ ઠરાવમાં યોગ્ય સુધારો કરવા અંગે વિચારણા કરવા બાબત.

(ઉપરોકત ઠરાવ **પરિશિષ્ટ-૧** થી સામેલ છે)

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે કે ડીનશ્રીની કમીટીએ કરેલ ઠરાવ પ્રમાણે કાર્યવાહી કરવાનું રાખવું.**

બા.ક્ર:૪ ડાં.વર્ષા ગગનવિહારી જાનીના પત્ર ઈનવર્ડ ક્ર-૧૫૯૨૬૦૦૨૧૩૨૧ તા.૨૧-૧-૨૦૧૭ અન્વયે તેઓએ એલ.ડી.ઈન્સ્ટીટયુટ ઓફ ઈન્ડોલોજી, નવરંગપુરા, અમદાવાદના ડાં.જે.બી.શાહની નિમણૂંક રદ કરવા બાબતે એકેડેમિક કાઉન્સિલ તા.૯-૧૨-૨૦૧૬ ઠરાવ ક્ર-૨(૪) સંદર્ભમાં પુન: કાર્યવાહી કરવા આવેલ રજુઆત પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ: આવેલ રજૂઆત **પરિશિષ્ટ-૨** તરીકે સામેલ છે.)

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે કે ડો. વર્ષા ગગનવિહારી જાનીની ઉપરોકત રજુઆત બાબતના સાધનિક કાગળોને ધ્યાનમાં લઇને તાત્કાલિક પગલાં લઇને યુનિવર્સિટીને અઠવાડિયાની સમયમર્યાદામાં જાણ કરવા એલ.ડી.ઇન્સ્ટીટયુટ ઓફ ઇન્ડોલોજીને જાણ કરવાનું રાખવું અને સદર બાબતે આગળની**

**કાર્યવાહી માટે (૧) ડો. પી. પી. પ્રજાપતિ, (૨) ડો. બી.વી. પટેલ અને (૩) ડો. આર. એસ. પટેલની કમીટી નિયુકત કરવાનું રાખવું.**

બા.ક્ર.૫ અર્થશાસ્ત્ર વિષયની તા.૧૬-૦૧-૨૦૧૭ના રોજ મળેલી RDCની મીનીટસના મુદા નં-૧માં સદરહુ વિષયના પીએચ.ડી. શિક્ષકની માન્યતા (૧) ડૉ.કાર્તિક ભટ્ટ - આર્ટસ ફેકલ્ટી તથા (૨) ડૉ.જીગ્નેશ કૌંગલ – કોમર્સ ફેકલ્ટીને આપવા અંગે ભલામણ કરેલ છે, સદરહુ બાબત પરત્વે વિચારણા કરવા સદરહુ RDCની મીનીટસની નકલ સામેલ છે.(નોંધ: ઉપરોકત ગાઈડશીપ રદ કરવાની ભલામણ અર્થશાસ્ત્ર વિષયની તા.૦૨-૦૭-૨૦૧૬નીRDCમાં કરવામાં આવેલ જે તા.૮-૭-૨૦૧૬ના રોજ મળેલ એકેડેમિક કાઉન્સિલ અને એકિઝકયુટીવ કાઉન્સિલમાં ભલામણ સ્વીકારવામાં આવેલ છે,જે જાણ સારૂ (ઠરાવની નકલ **પરિશિષ્ટ-૩** તરીકે સામેલ છે.)

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત તા.૧૬/૦૧/૨૦૧૭નાં રોજ મળેલ આર.ડી.સી. એ કરેલ ભલામણનો સ્વીકાર કરવાનું રાખવું.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે ડીનશ્રીએ આર.ડી.સી. મારફતે આપેલ એડમીશનને બહાલી આપવાનું રાખવું તથા યુનિવર્સિટી ધ્વારા વર્ષ ૨૦૧૬-૧૭ની જરૂરી એડમીશનની પ્રક્રિયા હાથ ધરવાનું રાખવું. ઉપરાંત, ઠરાવવામાં આવ્યું કે અર્થશાસ્ત્ર વિષયના અધ્યક્ષને આદેશની અવગણના બદલ સ્પષ્ટતા માંગતો પત્ર પાઠવવાનું રાખવું.**

બા.ક્ર.૬ ધી સોસાયટી ઓફ હાયર એજયુકેશન ઈન્સ્ટીટયુટ અમદાવાદ દ્રારા ફિકસ ડિપોઝીટ ઉપર વ્યાજ આપવા અંગે રજુઆત કરેલ છે, જેમાં યુનિવર્સિટી સંલગ્ન કોલેજોની યુનિવર્સિટી પાસે જમા ડિપોઝીટ પરનું વ્યાજ આપવામાં આવતુ હતુ જે તા.૧૧-૧૦-૨૦૦૯ના એકિઝકયુટીવ કાઉન્સિલના ઠરાવથી ડિપોઝીટ પરનું વ્યાજ સંસ્થાને પરત નહી આપતા યુનિવર્સિટી વિકાસ કાર્યમાં વાપરવામાં ઠરાવ કરેલ જે સંદર્ભમાં યુનિવર્સિટી સંલગ્ન કોલેજો ડેવલપમેન્ટ ફંડ પેટે નિયત રકમ યુનિવર્સિટી વિકાસ કામો માટે જમા કરાવે છે, આથી ડિપોઝીટ પરનું વ્યાજ યુનિવર્સિટીના વિકાસમાં લેવુ તે યોગ્ય નથી, સદરહુ બાબતે યુનિવર્સિટી મેનેજમેન્ટ એસોસીએશન દ્રારા વખતો વખત ડિપોઝીટ ઉપર વ્યાજ સંસ્થાને મળવુ જોઈએ તેવી જાણ કરેલ છે યુનિવર્સિટી સતા મંડળ સત્વરે સદરહુ બાબતે કાર્યવાહી કરે જેથી કરી કાયદાકીય ગુચવણ ઉભી ન થાય જે સંદર્ભે સંસ્થાની યુનિવર્સિટી પાસે ડિપોઝીટ ઉપરનું વ્યાજ આપવા અંગે વિચારણા કરવા બાબત.

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી સંલગ્ન કોલેજોની યુનિવર્સિટી પાસે જમા ડિપોઝીટપરનું વ્યાજ સદરહુ કોલેજોને સને. ૨૦૧૫-૧૬ના નાણાંકીય વર્ષથી આપવાનું રાખવું.**

બા.ક્ર.૭ અગામી શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮થી વિધાર્થીઓ વ્યવસ્થિત પરીક્ષાઓ આપે અને સમયસર પરિણામ મળે તે આશયથી આર્ટસ,કોમર્સ,સાયન્સ યુ.જી. તથા પીજી તેમજ બી.એડ.,એમ.એડ.,એલએલ.બી.,એલ.એલ.એમ. તથા ૫ વર્ષ ઈન્ટીગ્રેટેડ એલએલ.બી.અભ્યાસક્રમમાં ઓ.એમ.આર. પધ્ધતિથી એમ.સી.કયુ. પ્રશ્નો દ્રારા નકકી

કરેલ પ્રશ્નબેંકમાંથી પ્રશ્નપત્ર કાઢી પરીક્ષા લેવા તથા કેરીફોવર્ડ પ્રથા બંધ કરવા બાબતે વિચારણા કરવા બાબત.

ઠરાવ : આથી ઠરાવવામાં આવે છે કે આર્ટસ, કોમર્સ તથા સાયન્સમાં ચાલતી પ્રવર્તમાન કેરી ફોર્વડ પ્રથા બંધ કરી તેને બદલે વિધ્યાર્થીને ત્રણ સેમેસ્ટર સુધી કેરી ફોર્વડ કરી શકાય તેવી જોગવાઇ કરવાનું રાખવું. એટલે કે જો વિધ્યાર્થી પહેલાં ત્રણ સેમેસ્ટરના તમામ કોર્ષીસ પાસ કરે તો જ સેમેસ્ટર-૫માં એડમીશન આપવાનું રાખવું તેમજ વિધ્યાર્થી જો સેમેસ્ટર-૪માં તમામ કોર્ષીસ પાસ કરે તો જ સેમેસ્ટર-૬માં એડમીશન આપવાનું રાખવું, જયારે એજયુકેશનમાં વિધ્યાર્થી સેમેસ્ટર-૧ અને સેમેસ્ટર-૨ના તમામ કોર્ષીસ પાસ કરે તો જ સેમેસ્ટર-૩માં એડમીશન આપવાનું રાખવું તેમજ વિધ્યાર્થી જો સેમેસ્ટર-૩ના તમામ કોર્ષીસ પાસ કરે તો જ સેમેસ્ટર-૪માં એડમીશન આપવાનું રાખવું.

ત્યારબાદ પ્રમુખશ્રીની પરવાનગીથી સર્વાનુમતે નીચેના ઠરાવો કરવામાં આવ્યા :

(૧) આથી ઠરાવવામાં આવે છે કે વિવિધ વહીવટી તેમજ શૈક્ષણિક જગ્યાઓ પર નિમણુંક માટે પસંદગી સમિતિ ધ્વારા કરવામાં આવેલ ભલામણનો સ્વીકાર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવાનું રાખવું.

(૨) ઇન્ડીયન કલ્ચરની અંદર જરૂરી વ્યવસ્થા ઉભી કરી બોર્ડમાંથી લાયકાત ધરાવતા ન હોય તેવા સભ્યોને દૂર કરવા અને પ્રવેશની પ્રક્રિયા યુનિવર્સિટી મારફત કરાવવાનું રાખવું.

(૩) દર ત્રણ વર્ષે એકવાર તમામ સીલેબસ રીવ્યુ કરીને રીવાઇઝ કરવા અંગેના યુ.જી.સી.ના તા.૩૧/૦૧/૨૦૧૭ના પત્રનો અમલ કરવાનું રાખવું અને તદ્નુસાર જે સીલેબસ રીવાઇઝ કરવામાં આવ્યા ન હોય તે સત્વરે રીવાઇઝ કરવાની તાકિદ કરવાનું રાખવું.

(૪) **M.Phil. Notification** માં **Dissertation Guide/Co-Guide/Supervisor** નું નામ પણ લખવાનું રાખવું.

(૫) **Ph.D. Notification** માં જે વિધ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન **UGC Regulation 2009** પ્રમાણે થયેલ હોય તથા તેમની ડીગ્રી તે પ્રમાણે હોય તો તેવા કિસ્સામાં **Notification** માં જ **"Ph.D. Degree is as per the UGC Regulation 2009"** એમ લખવાનું રાખવું કે જેથી વધારાનું **Certificate** આપવાનું ન રહે.

(૬) **M.Phil./Ph.D. degree certificate** માં **Faculty** ની સાથે સાથે વિષય **(Subject)** પણ લખવાનો રાખવું.

(૭) **GUAC** ના વર્ષ ૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬ના વિવિધ અભ્યાસક્રમોના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ધ્વારા ઓડિટ થયેલાં હિસાબો મંજુર કરવાનું રાખવું.

(૮) વર્ષ ૨૦૧૭-૧૮ના કેન્દ્રીય પ્રવેશ કાર્યક્રમની કાર્યવાહી માટે, બુકલેટ પ્રિન્ટીંગ, બેંકની પસંદગી, એજન્સીની પસંદગી અને પીનના ઓર્ડર માટે જરૂર જણાય તો ગયા વર્ષ ૨૦૧૬-૧૭ના જુના ભાવે કરવા માટે પક્ષકારો

સંમત થતા હોય તો વર્ષ ૨૦૧૭-૧૮ના કેન્દ્રીય પ્રવેશની કાર્યવાહી માટે મંજુરી આપવાનું રાખવું અને તે અંગેની આનુષાંગિક કાર્યવાહી કરવાની સત્તા માન. કુલપતિશ્રીને આપવાનું રાખવું.

(૯) પ્રથમ વર્ષ, ધ્વિતીય વર્ષ અને તૃતીય વર્ષના બી.એ. જનરલ ઇંગ્લીશ તેમજ સંસ્કૃત, પ્રાકૃત, પર્શીયન વગેરે જેવા ફરજીયાત વિષયોના આંતરિક કુલ : ૩૦ ગુણની ફાળવણી નીચે પ્રમાણે કરવાનું રાખવું અને સંબંધીતોને તેની જાણ કરવાનું રાખવું :

| | | |
|---|---|---|
| પરીક્ષાના ગુણ | : | ૧૫ |
| હાજરીના ગુણ | : | ૦૫ |
| એસાઇન્મેન્ટ પ્રોજેકટ | : | ૧૦ |

ઉપર દર્શાવ્યા મુજબ આંતરિક ગુણ વિભાજનનો અમલ આગામી એપ્રિલ/મે, ૨૦૧૭ની પરીક્ષાથી કરવાનું રાખવું.

ત્યારબાદ સભાનું કામકાજ પૂરૂં થયું હતું.

(પ્રો. એચ. એ. પંડયા)
કુલસચિવ(ઇન્ચાર્જ)

નં.એકેડેમિક/૫૨૧૫૬/૨૦૧૭
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
અમદાવાદ
તા.૦૫-૦૫-૨૦૧૭

159260022959

રૂબરૂ

ડો.વર્ષા ગગનવિહારી જાની
' રાઘેશ્રી ' ૩૦/૧, બીમાનગર સોસાયટી,
ઝાંસીની રાણીના પુતળા પાસે,
સેટેલાઈટ રોડ,
અમદાવાદ – ૩૮૦૦૦૭
તા : ૨૧/૦૧/૨૦૧૭

પ્રતિ,

ડો. એચ. એ. પંડ્યા મા. રજીસ્ટ્રારશ્રી,
તથા એકેડેમિક કાઉન્સિલના મા.સભ્યોશ્રી,
ગુજરાત યુનિવર્સીટી ,
નવરંગપુરા, અમદાવાદ- ૩૮૦૦૦૯

વિષય : ગુજરાત યુનિ. ની માન્ય સંશોધન સંસ્થા એલ.ડી.ઇન્સ્ટીટયુટ ઓફ ઇન્ડોલોજી, અમદાવાદ ના પ્રોફેસર- નિયામક ડો.જે.બી.શાહની ખોટી અને નિયમોવિરુધ્ધની નિમણુંકને ગુજ.યુનિ.એ આપેલ ' નિયામક તરીકેની માન્યતા રદ કરવા' સાચી હકીકતો ધ્યાને લેવા અંગે

સંદર્ભ : તા.૦૯/૧૨/૨૦૧૬ ના રોજ ગુજ.યુનિ.ની એકેડેમિક કાઉન્સિલની સભામાં બા.ક્ર. ૨:(૪) બાબતે કરેલ ઠરાવ ' એલ.ડી.ઇન્સ્ટીટયુટ ઓફ ઇન્ડોલોજી, નવરંગપુરા, અમદાવાદના ડો.જે.બી.શાહની નિમણુંક રદ કરવા અંગેની બાબત ગુજરાત યુનિવર્સીટીના કાર્યક્ષેત્રમાં આવતી ન હોઈ, નિમણુંક રદ કરવા અંગેની કોઈ કાર્યવાહી હાથ ધરવાનું રાખવું નહી.' ના સંદર્ભે

માનનીયશ્રી,

ઉપરોક્ત વિષયે અને સંદર્ભે અમારી રજૂઆત નીચે મુજબ છે.

[૧] અમારી સામાન્ય સમજ એવી છે કે નિમણુંક આપનાર સત્તામંડળ જ નિમણુંક રદ કરી શકે. પરંતુ ખોટી અને નિયમોવિરુધ્ધની નિમણુંક કરી, ખોટા અને બનાવટી પ્રમાણપત્રો રજુ કરી/કરાવી, છેતરપીંડી, બનાવટ અને વિશ્વાસઘાત કરી ગુજરાત યુનિ.પાસેથી ' નિયામકની નિમણુંકની માન્યતા' મેળવી હોય તો તેવી મેળવેલી ખોટી ' માન્યતા ' ને રદ કરવાની જવાબદારી ગુજ.યુનિ.ના જવાબદાર અધિકારીઓની ગણાય.

બા.ક્ર:૪ ડૉ.વર્ષા ગગનવિહારી જાનીના પત્ર ઈનવર્ડ ક્ર-૧૫૯૨૬૦૦૨૧૩૨૧ તા.૨૧-૧-૨૦૧૭ અન્વયે તેઓએ એલ.ડી.ઈન્સ્ટીટયુટ ઓફ ઈન્ડોલોજી, નવરંગપુરા, અમદાવાદના ડૉ.જે.બી.શાહની નિમણૂંક રદ કરવા બાબતે એકેડેમિક કાઉન્સિલ તા.૯-૧૨-૨૦૧૬ ઠરાવ ક્ર-૨(૪) સંદર્ભમાં પુન: કાર્યવાહી કરવા આવેલ રજુઆત પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ: આવેલ રજૂઆત પરિશિષ્ટ-૧- તરીકે સામેલ છે.)

બા.ક્ર.૫ પ્રમુખશ્રીની પરવાનગીથી બીજી જે કોઇ બાબત વિચારણા માટે રજૂ થાય તે.

કા. કુલસચિવ

નં.એકેડેમિક/41317/૨૦૧૭
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
અમદાવાદ-૯ તા. 13-૦૨-૨૦૧૭

અને તેથી જ અમોએ અમારી તા. ૦૮/૧૧/૨૦૧૬ ની વિગતવાર રજૂઆત દ્વારા અને આર્ટસ ફેકલ્ટીના ડીનશ્રીએ પણ પોતાના તા. ૧૬/૧૧/૨૦૧૬ ના પત્ર દ્વારા એલ.ડી.ઇન્સ્ટીટયુટ ઓફ ઇન્ડોલોજી, અમદાવાદના ડો.જે.બી.શાહની 'નિયામક' તરીકેની નિમણુંકને ગુજ.યુનિ.એ આપેલ 'માન્યતા' રદ કરવા ભલામણ કરેલ.

[૨] અમોને એવું લાગે છે કે સાચી હકીકતોને ધ્યાને લીધા વિના, ગુજ.યુનિ એક્ટ, ઓરડીનંસ, નિયમો વગેરેની જાણકારી હોવા છતાં એકેડેમિક કાઉન્સિલ સહિતના ગુજ.યુનિ.ના જે તે સત્તામંડળના સભ્યોને અધુરી માહિતી આપી, ગેરમાર્ગે દોરી સદરહુ ઠરાવ કરવા/કરાવવામાં આવેલ છે.

[3] આ સંજોગોમાં એલ.ડી.ઇન્સ્ટીટયુટ ઓફ ઇન્ડોલોજી, અમદાવાદ અંગે અને ડો.જે.બી.શાહની ખોટી નિમણુંક અંગે સત્ય હકીકતો અહીં અત્યંત ટૂંકમાં રજુ કરુ છું.

* સદરહુ સંસ્થા ૧૯૭૬થી સંસ્કૃત, પ્રાકૃત અને ભારતીય સંસ્કૃતિ વિષયો માટે ગુજરાત યુનિવર્સીટીની માન્ય સંશોધન સંસ્થા છે અને તેથી જ ગુજરાત સરકાર પાસેથી ૧૦૦ ટકા પગારભથ્થાંની તેમજ નિભાવ ગ્રાન્ટ મેળવે છે.

* સદરહુ સંસ્થાના શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક કર્મચારીઓ વખતોવખત યુ.જી.સી. દ્વારા સૂચિત અને સરકારશ્રી દ્વારા સ્વીકારાયેલ પગારધોરણો તેમજ અન્ય લાભો મેળવે છે.

* સદરહુ સંસ્થા ગુજરાત યુનિવર્સીટી એક્ટ ૧૯૪૯ની કલમ ૪ તથા કલમ ૨૦ અનુસાર ગુજરાત યુનિવર્સીટીના સંપૂર્ણ સંકલન, દેખરેખ, નિયમન અને નિયંત્રણ હેઠળ છે. ડો.જે.બી.શાહે ખુદે સ્વીકારેલ છે કે અમારી સંસ્થાનો તમામ વહીવટ ગુજરાત યુનિવર્સીટી એક્ટ અનુસાર કરવામાં આવે છે.

* સદરહુ સંસ્થાના શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક કર્મચારીઓને વખતોવખત યુ.જી.સી. એ નક્કી કરેલા અને સરકારશ્રીએ સ્વીકારેલા શૈક્ષણિક લાયકાત અને અનુભવના ધોરણો લાગુ પડે છે.

* માન્ય સંસ્થાઓના ડાયરેક્ટર અને રીડરની જગ્યા માટેની શૈક્ષણિક લાયકાત અને અનુભવના ધોરણો ગુજ.યુનિ. ની એકેડેમિક અને એક્ઝીક્યુટીવ કાઉન્સિલની તા. ૫/૧૦/૧૯૯૭ ની સભામાં સુધારેલ. જેને આધારે ડો.જે.બી.શાહની પસંદગી કરી નિયામક તરીકે નિમણુંક કરવામાં આવેલ છે.

* માન્ય સંસ્થાઓમાં લેકચરર, રીડર અને પ્રોફેસર – નિયામકની નિમણુંક સમયે પસંદગી સમિતિની રચના યુજીસી/ગુજ.યુનિ. ના નિયમોનુસાર કરવામાં આવે છે જેમાં વાઈસ ચાન્સેલરના પ્રતિનિધિઓ અને ગુજ.યુનિ.ના વિષય નિષ્ણાતો હાજર હોય છે.

* એલ.ડી.ઇન્સ્ટીટયુટ ઓફ ઇન્ડોલોજી, અમદાવાદ ખાતે નિમણુક સમયે [તા.૧/૫/૧૯૯૮] ડૉ.જે.બી.શાહ યુ.જી.સી/ગુજ.યુનિ.એ નક્કી કરેલ ક્રાયટેરીયા મુજબનો યુનિવર્સીટી પ્રોફેસર-નિયામકપદ અંગેનો એક પણ દિવસનો અનુસ્નાતક અધ્યાપન અને/અથવા સંશોધન અનુભવ ધરાવતા નહોતા.

છતાં, ડો.જે.બી.શાહે ડાયરેક્ટરપદ અંગેની પોતાની તા.૨૩/૨/૧૯૯૮ ની અરજીમાં પોતાને ૧૧ વર્ષનો સંશોધન અનુભવ ( ૪ વર્ષ રીસર્ચ એસોસિએટ, બી.એલ.ઇન્સ્ટીટયુટ ઓફ ઇન્ડોલોજી, દિલ્હી પગાર રૂ.૬૦૦૦ + ૭ વર્ષ ડાયરેક્ટર, શારદાબેન ચિમનભાઈ એજ્યુ.રીસર્ચ સેન્ટર, અમદાવાદ પગાર રૂ. ૧૦,૦૦૦ ) અને ૧૧ વર્ષનો અનુસ્નાતક અધ્યાપન ( ૧૧ વર્ષ વીઝીટીંગ પ્રોફેસર, બનારસ હિંદુ યુનિ. વારાણસી ) હોવાનો દાવો કરી તેના પ્રમાણપત્રો રજુ કરેલ.

આ તમામ પ્રમાણપત્રો ખોટા, બનાવટી તેમજ અમાન્ય હતા અને છે જે સાબિત થયેલ છે. જેના દસ્તાવેજી પુરાવા ગુજ.યુનિ અને સરકારશ્રીના રેકર્ડ પર છે.

અત્યંત ગંભીર બાબત એ છે કે એલ.ડી.ઇન્સ્ટીટયુટ ઓફ ઇન્ડોલોજી ટ્રષ્ટના શેઠશ્રી. શ્રેણીકભાઈ કસ્તુરભાઈ સહિતના તમામ જવાબદાર ટ્રસ્ટીઓ/અધિકારીઓ સારી રીતે જાણતા હતા કે ઓગસ્ટ-૧૯૯૧ થી એપ્રિલ-૧૯૯૮ દરમિયાન ડો.જે.બી.શાહ શારદાબેન ચિમનભાઈ એજ્યુ.રીસર્ચ સેન્ટર, અમદાવાદ નામક ખાનગી ટ્રસ્ટમા ટ્રસ્ટી/ડાયરેક્ટર /ઓનરરી ડાયરેક્ટર કે કર્મચારી ન હતા.

છતાં, નિમણુંક સમયે તા.૧/૫/૧૯૯૮ ના રોજ ડો.જે.બી.શાહે રજુ કરેલ સદરહુ ટ્રષ્ટના ખોટા અને બનાવટી પ્રમાણપત્રને ધ્યાને લઈ/માન્ય ગણી/ગણાવી ડો.શાહની પસંદગી કરી નિયામક તરીકે નિમણુંક કરી/કરાવી છે. અને

૧૯૯૮ થી આજદિન સુધી ડો.જે.બી.શાહની નિમણુંક અંગે ગુજ.યુનિ તેમજ અન્ય જવાબદાર સત્તામંડળો સમક્ષ સાચી હકીકતો છુપાવી ખોટી અને ગેરમાર્ગે દોરનારી રજુઆતો/સોગંદનામાં/ખોટા પુરાવાઓ ઉભા કરી/કરાવી વિવિધ ગુનાહિત કૃત્યો આચરેલ છે. અને સરકારશ્રીના કરોડો રૂપિયાના નાણા ગ્રાન્ટ તથા અન્ય સ્વરૂપે હડપ કરી લીધા છે. જેની ગંભીર નોંધ લેવી ઘટે.

આપશ્રીને જાણ કરવાની રજા લઉં કે

* ગુજરાત યુનિ. એ તા. ૯/૯/૧૯૯૮ ના પત્ર નં. એકે./અધ્યા./૮/૫૭૬૭૬/૧૯૯૮ દ્વારા ડો.જે.બી.શાહ ની ' નિયામક ' તરીકેની નિમણુંકને માન્યતા આપેલ છે.

* ગુજરાત યુનિ.એ તા. ૨૫/૧૧/૧૯૯૯ ના પત્ર નં. અનુ. બી. ૮૭૭૦/૧૯૯૯ દ્વારા ડો.જે.બી.શાહને 'અનુસ્નાતક શિક્ષક ' તરીકેની માન્યતા આપેલ છે.

* ગુજરાત યુનિ. એ તા. ૧૫/૧૨/૧૯૯૯ ના પત્ર નં. પી.જી./બી/૯૧૬૧/૧૯૯૯ દ્વારા ડો.જે.બી.શાહને ' પીએચ.ડી. ગાઈડ ' તરીકેની માન્યતા આપેલ છે.

આમ, માન્ય સંસ્થાઓના કર્મચારીઓની નિમણુંક, પસંદગી સમિતિની રચના, નિમણુંકને માન્યતા, અનુસ્નાતક શિક્ષક અને પીએચ.ડી. ગાઈડની માન્યતા વગેરે સમગ્ર કાર્યવાહી ગુજ.યુનિ.એક્ટ અનુસાર જ થાય છે તેથી એલ.ડી.ઇન્ડોલોજી સંસ્થા ગુજ.યુનિ.ના કાર્યક્ષેત્રમાં આવતી નથી તેવું ઠરાવવું તદ્દન ખોટું અને ગેરવ્યાજબી ગણાય.

તેથી, હવે જ્યારે ' સરકારશ્રીની તપાસસમિતિ ' એ પણ નિમણુંક સમયે તા.૧/૫/૧૯૯૮ ના રોજ ડો.જે.બી.શાહ નક્કી થયેલ ક્રાયટેરીયા મુજબનો અનુભવ ધરાવતા નથી. અને ડો.જે.બી.શાહે બનાવટી અને ખોટા પ્રમાણપત્રોના આધારે નોકરી મેળવેલ છે. તેવો અહેવાલ આપેલ હોય ત્યારે સરકારશ્રીના સપ્ટેમ્બર, ૨૦૦૬ થી આજદિન સુધીના વખતોવખતના આદેશોનો આદર કરી, ઇન્ડોલોજી સંસ્થાના સંચાલકો અને ડો.જે.બી.શાહે છેતરપીંડી, બનાવટ અને વિશ્વાસઘાત કરી ગુજરાત યુનિ. પાસેથી મેળવેલ ' નિયામકની નિમણુંકની માન્યતા ' ને રદ કરવી ન્યાયના હિતમાં અનિવાર્ય ગણાય.

[૪] માંગેલ દાદ/ અપીલ : અમારી વિગતવાર રજુઆતને ગંભીરતાને ધ્યાને લઈ ગુજરાત યુનિવર્સીટી દ્વારા ડો.જે.બી.શાહની ' નિયામક ' તરીકેની નિમણુકને અપાયેલ ' માન્યતા ' તાકીદે રદ કરવાની કાર્યવાહી કરવામાં આવે.

સહકારની અપેક્ષા સહ.

લિ.

વર્ષા જાની

( ડો. વર્ષા ગ. જાની )

ખાસ નોંધ : અમારી રજુઆતમાં ઉલ્લેખિત તમામ પત્રો, અહેવાલો, પુરાવાઓ ગુજ.યુનિ. સમક્ષ અમોએ રજુ કરેલ છે. છતાં જરૂર પડ્યે રજુ કરવાની અમારી તૈયારી છે.

નકલ રવાના: આપ સમક્ષ જરૂરી કાર્યવાહી માટે
ડૉ. પી. પી. પ્રજાપતિ
ડોમજી. ચ્યારીટેસ સેક્રેટરી.

ખાનગી/તાત્કાલિક.

ક્રમાંક :-શતપ-૧૦૦૧/૩૩૮૯/બ (પાર્ટ-૧)

૧૭ SEP 2006

પ્રતિ
શ્રી રાજીવ ગુપ્તા, આઈ.એ.એસ.
કમિશનરશ્રી,
ઉચ્ચ શિક્ષણ,
૧૨, ડો.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

વિષયઃ-ડો.જે.બી.શાહની અનિયમિત નિમણૂંક તથા નાણા દુર્વ્યય બાબત.

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય પરત્વે જણાવવાનું કે, અરજદાર ડો.વર્ષા ગગનવિહારી જાનીએ તકેદારી આયોગ સમક્ષ કરેલી જુદી રજૂઆતો પરત્વેનો અહેવાલ મોકલવા શિક્ષણ વિભાગને જણાવાયેલ હતું. અરજદારે કરેલી રજૂઆત અંગેનો અહેવાલ કુલસચિવ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના તા.૪/૯/૦૬ ના પત્રાંક : આર/૪૯૦૬/૨/૦૬, તા.૪/૯/૦૬ના પત્ર ક્રમાંક આર/૪૯૦૬/૨/૦૬ અને તા.૨૨/૯/૦૬ના પત્રાંક : [illegible] થી રજુ કરવામાં આવેલ હતો.

૨. ગુજરાત યુનિવર્સિટીએ રજૂ કરેલ અહેવાલ અને રેકર્ડ જોતાં આયોગનું અવલોકન નીચે પ્રમાણે છે.

(૧) આક્ષેપિત શ્રી જે.બી.શાહની લા.દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરના નિયામક તરીકેની નિમણૂંક અયોગ્ય રીતે થઈ છે.

(૨) શ્રી શાહની નિમણૂંક અંગેની સમગ્ર પ્રક્રિયા દરમ્યાન જાહેરાતથી માંડી નિમણૂંકની બહાલી સુધીની સમગ્ર પ્રક્રિયા માટે કોણ કોણ કેટલે અંશે જવાબદાર થાય છે તેની પૂરેપૂરી ચકાસણી કરી વિગતવાર અહેવાલ રજૂ કરવા વિનંતી છે.

(૩) શ્રી જે.બી.શાહની અયોગ્ય નિમણૂંક હોઈ તેઓની નિયામકની નિમણૂંક મૂળભૂતપણે (ab-initio) રદ કરવાની થાય તેમજ તેઓને તાત્કાલિક અસરથી ફરજ પરથી છૂટા કરવાના થાય. આ અંગે નિયમાનુસારની જરુરી કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવા આયોગ ભલામણ કરે છે.

..૨..

(૪) શ્રી શાહની નિમણૂંક અયોગ્ય હોઈ, હવે પછી શ્રી શાહના પગાર ભથ્થા અંગેની ગ્રાન્ટ ન ચૂકવવા અને અત્યાર સુધી સંસ્થાને ચૂકવવામાં આવેલી ગ્રાન્ટ વસૂલ લેવા માટે પણ ગ્રાન્ટ ઈન એઈડની કે અન્ય નિયમોની જોગવાઈના સંદર્ભમાં ઘટતી કાર્યવાહી સત્વરે હાથ ધરવા માટે વિનંતી.

(૫) શ્રી જે.બી.શાહ ધ્વારા પોતાની નિમણૂંક વખતે કોઈ ખોટા પ્રમાણપત્રો રજુ કરાયા હતા કે કેમ? તે ચકાસી જવા અને જો ખોટા પ્રમાણપત્રો રજુ કર્યા હોય કે કોઈ ખોટી વિગતો રજુ કરી હોય તો ભારતીય દંડ સંહિતાની સંબંધિત જોગવાઈ અંતર્ગત ઘટતી કાર્યવાહી કરવા વિનંતી છે.

૩. આયોગની ભલામણ પરત્વે થયેલ કાર્યવાહીની જાણ આયોગને વખતોવખત કરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ

(પિનાકિન સુથાર) ૨૬/૯/૦૬
ઉપસચિવ,
ગુજરાત તકેદારી આયોગ,
ગાંધીનગર

O/c
P
27/9/06

નકલ રવાના :-

(૧) અગ્રસચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૧) ગુજરાત યુનિવર્સિટીના તા.૪/૯/૦૬ના ઉક્ત બે પત્રોની નકલ અને તા.૨૨/૯/૦૬ના ઉક્ત પત્રની નકલ આ સાથે મોકલી છે જે મળ્યા બદલ પહોંચ પાઠવવા વિનંતી છે.

૨) આ બાબતે યોગ્ય કાર્યવાહી કરવા અને કરેલી કાર્યવાહીની જાણ કરવા વિનંતી છે.

(૨) કુલપતિશ્રી, ગુજરાત યુનિવર્સિટી, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.
આ બાબતે યોગ્ય કાર્યવાહી કરવા અને કરેલી કાર્યવાહીની જાણ કરવા વિનંતી છે.

ISSUED
Date 27 SEP 2006
Sign.

ખાનગી/તાત્કાલિક/ગુ.ત.આયોગ સંદર્ભ
ક્રમાંક- પરચ-૧૦૨૦૦૧/એનઓએસ-૩૧૫-ખ
શિક્ષણ વિભાગ,
સચિવાલય,ગાંધીનગર.
તારીખઃ

પ્રતિ,
કુલ સચિવશ્રી,
ગુજરાત યુનિવર્સીટી,
અમદાવાદ.

વિષય : ડૉ..જે.બી.શાહની અનિયમીત નિમણુંક તથા નાણાં દુર્વ્યય બાબત.

શ્રીમાન,

ઉપરોકત વિષય પરત્વે આપના તારીખ ૪/૯/૦૬ના પત્ર ક્રમાંક-આરઈ૪૯૦૬/૨/૦૬ થી શ્રી ડૉ.જે.બી.શાહ નિયામકશ્રી લા.દ.ભારતીય સંસ્કૃતી વિધામંદિર,અમદાવાદની અનિયમીત નિમણુંક અંગે ગુજરાત તકેદારી આયોગને આપેલ અહેવાલ અન્વયે ગુજરાત તકેદારી આયોગ ધ્વારા તા.૨૭/૯/૦૬ ના ખાનગી પત્ર ક્રમાંક-શણખ-૧૦૦૧-૩૩૮૯-બ (પાર્ટ-૧) થી જરુરી ભલામણો મોકલી આપેલ છે જેની નકલ આપને પણ મોકલવામાં આવેલ છે. સદરહું ભલામણો સરકારશ્રી ધ્વારા સ્વીકાર કરવામાં આવેલ છે આથી ગુજરાત તકેદારી આયોગની ભલામણ મુજબ કાર્યવાહી કરવા અને તેનો અહેવાલ સરકારશ્રીને તાત્કાલિક મોકલી આપવા વિનંતી છે.

(૨) ગુજરાત તકેદારી આયોગનો સંદર્ભ હોઇ ટોચઅગ્રતા આપી જરુરી અહેવાલ સમયમર્યાદામાં મોકલાય તેની કાળજી રાખવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,
(બી. જે. બ્રહમભટ્ટ) ૨૭/૧૦/૦૬
ઉપ સચિવ,
શિક્ષણ વિભાગ.

<u>નકલ રવાના</u> :- ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી જુના સચિવાલય,ગાંધીનગર તરફ જાણ તથા જરુરી કાર્યવાહી સારું.

સાદર રજૂ:-

એલ.ડી.ઇન્સ્ટીટયુટ ઓફ ઇન્ડોલોજી અમદાવાદના નિયામક ડૉ. જે.બી.શાહની ગુજરાત તકેદારી આયોગના ફરિયાદ કેસ ફોલ્ડર નં ૧૧/૨૦૦૧,અનિયમિત ભરતીની તપાસનો અહેવાલ ગુજરાત યુનિવર્સિટીએ તકેદારી આયોગને તા.૨૨/૯/૨૦૦૬ ના પત્રથી મોકલી આપેલ. તકેદારી આયોગેગુજરાત યુનિવર્સિટીના તા. ૨૨/૯/૨૦૦૬ ના તપાસ અહેવાલ પરત્વે વિચારણા કરી આક્ષેપિત નિયામક ડૉ. જે.બી.શાહની સામે નિયમસરની ખાતાકીય તપાસ હાથ ધરવા આયોગના તા.૨૭/૯/૨૦૦૬ના પત્રથી ભલામણ મોકલી આપેલ આયોગના તા. ૨૭/૯/૨૦૦૬ ના પત્રની ભલામણ આધારે ખાતાકીય તપાસ માટે સંશોધન સંસ્થાના શૈક્ષણિક કર્મચારીઓ માટે ગુજરાત યુનિવર્સિટી એકટ;-૧૯૪૯ ના પ્રકરણ-૫૧ તથા ૫૧-એ તેમજ ઓડીનન્સ- ૧૭૨ અનુસાર સંશોધન સંસ્થાના સંચાલકમંડળે સંબધિત યુનિવર્સિટીના પરામર્શમાં કાર્યવાહી પૂર્ણ કરવાની રહે છે આ ફરિયાદ પ્રકરણમાં અત્રેની કચેરી/શિક્ષણ વિભાગ તરફથી કુલસચિવશ્રી ગુજરાત યુનિવર્સિટીને અવારનવાર સાદા પત્રો/અર્ધસરકારી પત્રો,ગ્રાંટ સ્થગિત કરવાની નોટીસ તેમજ છેલ્લે નિયામક ડૉ. જે.બી.શાહના અત્રેની કચેરીની સીધા પગાર શાખા મારફત મળતાં પગાર-ભથ્થાં કેમ ન અટકાવવા તે પ્રકારના પત્રો પાઠવવાં છતાં આયોગના તા. ૨૭/૯/૨૦૦૬ ના પત્ર મુજબની ભલામણ પરની કરેલ કાર્યવાહીની વચગાળાની કાંઇ વિગતો કે આખરી વિગતો આ કચેરીને આપવાની કોઇ જ દરકાર ગુજરાત યુનિવર્સિટીએ લીધેલ નથી.

છેલ્લે માન. આયુકતશ્રીના તા.૧૦/૯/૨૦૦૮ ના પત્રથી નિયામક ડૉ. જે.બી.શાહના અત્રેની કચેરીની સીધા પગાર-શાખા મારફત મળતાં પગાર-ભથ્થાં કેમ ન અટકાવવા તે અંગે લેખિત ખુલાસો કરવા જણાવતાં એલ.ડી.ઇંન્સ્ટીટયુટ ઓફ ઇન્ડોલોજી અમદાવાદની સંશોધન સંસ્થાના સંચાલક મંડળના મંત્રીશ્રીની સૂચનાથી નિયામકે તા.૧૫/૯/૨૦૦૮ થી આપેલ પ્રત્યુતર સાથે ગુજરાત યુનિવર્સિટીના કાર્યકારી કુલસચિવશ્રીના તકેદારી આયોગને પાઠવેલ તા.૪/૮-૭-૨૦૦૮ ના પત્રમાં

એલ.ડી.ઇન્સ્ટીટયુટ ઓફ ઇન્ડોલોજી અમદાવાદની સંશોધન સંસ્થાના નિયામક ડો. જે.બી. શાહની અનિયમિત નિમણુંક થયેલ હોવા અંગે તા. ૨૨/૯/૨૦૦૬ ના આપેલ અભિપ્રાયથી તદ્દન વિપરીત(HOSTILE) અભિપ્રાય આપેલ તે પત્ર ખુલાસાના આધારમાં રજુ કરેલ છે આમ ફોલ્ડર નં-૧૧/૨૦૦૧ ની બે તબકકાંની પ્રાથમિક તપાસમાં પ્રથમ તા.૨૭/૯/૨૦૦૬ થી રજુ થયેલ તપાસ અહેવાલ અને તે અહેવાલ પરત્વે આયોગના તા. ૨૭/૯/૨૦૦૬ ના પત્રથી ખાતાકીય તપાસ કરવા મળેલ ભલામણ અને ત્યારબાદ ગુજરાત યુનિવર્સિટીના તા.૪/૮-૭-૨૦૦૮ ના પત્રથી ફરિયાદ ફોલ્ડર નં-૧૧/૨૦૦૧ માં આક્ષેપિત શ્રી જે.બી. શાહની નિયામક તરીકેની નિમણુંક ગુજરાત યુનિવર્સિટીએ નિયામક માટે ઘડેલ ભરતી નિયમો મુજબની શૈક્ષણિક લાયકાત શ્રી શાહ ધરાવતાં હોવાના આપેલ અભિપ્રાય તપાસના ફારસરૂપ છે.

હકીકતે આયોગના તા. ૨૭/૯/૨૦૦૬ ના આક્ષેપિત શ્રી શાહની નિયામક તરીકે અનિયમિત નિમણુંક બાબતે આયોગે સૂચવ્યા મુજબની ખાતાકીય તપાસની કાર્યવાહી હાથ ધરવાના મોનીટરીંગની કાર્યવાહીમાં ગુજરાત યુનિવર્સિટીએ તદ્દન બેદરકારી/નિષ્કાળજી રાખી હોવાની બાબત પ્રથમદષ્ટિએ ફલિત/પુરવાર થાય છે સામા પક્ષે એલ.ડી.ઇન્સ્ટીટયુટ ઓફ ઇન્ડોલોજી અમદાવાદના નિયામક ડો. જે.બી.શાહની સામે નિયમસરની તપાસ ન હાથ ધરી સંશોધન સંસ્થાના સંચાલકમંડળ તરફથી આક્ષેપિતને છાવરવામાં આવી રહ્યા હોવાની છાપ પણ પ્રથમદષ્ટિએ ફલિત/પુરવાર થાય છે

આ સંજોગોમાંએલ.ડી.ઇન્સ્ટીટયુટ ઓફ ઇન્ડોલોજી અમદાવાદને ચાલુ નાણાંકીય વર્ષ;-૨૦૦૮-૨૦૦૯માં મળવાપાત્ર અંદાજીત અનુદાન સ્થગિત રાખવામાં હરકત સરખું નથી. T

આદેશાર્થે

(આર.યુ. પુરોહિત.)
સં.શિ.નિ..

T.- મુજબ કરીએ. હાલ અનુક્રમ-૨ થી ૫ પરની સંશોધન સંસ્થાઓની મળવાપાત્ર નિભાવ અનુદાન છૂટવીઓ? આદેશાર્થે [signature] 26.5.09

પક્ષ/ન. વિ 9 16

નોંધ પાના N/53 પરના આપ સાહેબ (કમિશ્નરશ્રીના) ના રિમાર્ક્સ અન્વયે-

આઈ. ડી. ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈકોનોમીક્સ ના નિયામક સામેની તકેદારી આયોગ મારફતની તપાસ અને સંસ્થાની ગ્રાન્ટ અટકાવવા બાબત કે કેમ? આ બાબતે-

નોંધ પાના N/50 પરના પગાર ધોરણની સંસ્થાઓને એડહોક અનુદાન (Adhoc grant) ની ફાળવણી દર્શાવેલ છે. જે નિભાવ ગ્રાન્ટની આખરી ગણત્રી અનુસારની ફાળવણી નથી, એડહોક ગ્રાન્ટ ફાળવવામાં ન આવે તો સંસ્થાની ગ્રાન્ટ અટકાવેલ છે તેમ માનવાને કોઈ કારણ રહેતુ નથી હાલમાં સદર સંસ્થા માટે એડહોક અનુદાન ફાળવણી અંગેની બાબતે પગાર ધોરણની અન્ય સંસ્થાઓ અનુ.ક્ર. ૨૯૫ ને એડહોક ગ્રાન્ટ ફાળવવામાં પરત સરખુ છે.

આ અંગે ઓ. એસ. ડી. (લીગલ) નો અભિપ્રાય મેળવવા

26/3

CHE No. 560 30/3/09

O.S.D. (Legal)

30/3/09

File Dispatch on 8/5/09 by CHE O.Clerk
Received 12/5/09

પા.૧૫/નોં.વિ. પર સં.સ.શ્રીની સૂચના અનુસાર પુનઃસાદર,

૧/-પ્રસ્તુત કાગળોમાં પા.૪૫૩-૫૪૯/પ.વિ. પર ડૉ.વર્ષા ગગનવિહારી જાની, અમદાવાદનાની ફરિયાદ અરજીઓ તથા આરટીઆઈ સંદર્ભે માંગેલ માહિતીની અરજીઓ અલગ-અલગ આવેલ છે. જેમાં કરવામાં આવેલ ફરિયાદ અને માંગવામાં આવેલ માહિતી સંદર્ભમાં તપાસની બાબત વિચારણા હેઠળ છે.

૨/- જેમાં મુખ્યત્વે (૧) ઉભા કરેલા ખોટા પુરાવા બદલ લા.દ.ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદના જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહી કરવા (૨) ડૉ.જે.બી.શાહની અનિયમિત નિમણૂક તથા તેઓ ધ્વારા સરકારી નાણાંના દુર્વ્યય કરવા અંગેની ફરિયાદ અરજી તથા તે અન્વયે માંગેલ માહિતીની બાબત છે.

૩/- પ્રસ્તુત બંને બાબતે ગુજરાત તકેદારી આયોગ મારફત અરજી/રજૂઆતો મળેલ છે, જે પા.૧૭/પ.વિ., ૫૩/પ.વિ., ૭૧/પ.વિ., ૨૮૩/પ.વિ. પર જોવા વિનંતી છે. આયોગ પાસેથી ડૉ.જાનીએ શ્રી શાહ વિરૂધ્ધની તપાસ કાર્યવાહી સંબંધી વિગતો માહિતી અધિકાર અધિનિયમ અંતર્ગત માંગેલ છે. આ સંબંધમાં પા.૫૩/પ.વિ. તથા પા.૨૮૩/પ.વિ. પરના આયોગના પત્રથી શ્રી શાહ સામેની કાર્યવાહી ક્યા તબક્કે છે, તથા છેવટની પરિસ્થિતિની જાણ આયોગને કરવા જણાવાયેલ છે. આયોગ તરફથી મળેલ ભલામણ/સૂચનો અન્વયે પા.૩૬૯/પ.વિ, પા.૩૭૧/પ.વિ. પર કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના રજીસ્ટ્રારશ્રી તથા નિયામકશ્રી, લા.દ.ભારતીય સંસ્કૃત વિદ્યામંદિર, અમદાવાદને પ્રસ્તુત ફરિયાદો સંદર્ભે અહેવાલ મોકલવા વારંવાર સૂચનાઓ આપવામાં આવી છે. અત્રે જણાવવાનું કે, ગુજરાત તકેદારી આયોગ ધ્વારા તા.૨૭/૯/૨૦૦૬ના પા.૩૬૩/પ.વિ. પરના કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણને ઉદ્દેશીને લખેલ પત્રથી શ્રી શાની અનુયમિત નિમણૂક સંદર્ભે આયોગના અવલોકનો મોકલી આપવામાં આવેલ. ત્યારબાદ કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણ ધ્વારા તેઓના તા.૨૧/૬/૨૦૧૧ના પત્ર, પા.૪૦૫/પ.વિ. થી યુનિવર્સિટીના કુલપતિશ્રીને પત્ર પાઠવીને વિગતો મોકલવા વિનંતી કરેલ હતી. જે અન્વયે તા.૨૯/૬/૨૦૧૧ના પત્ર, પા.૪૦૯/પ.વિ. થી અગ્રસચિવશ્રી કક્ષાએ પણ યુનિવર્સિટીના કુલપતિશ્રીને પત્ર પાઠવવામાં આવેલ હોવા છતાં. આયોગના અવલોકનો સંદર્ભે અપેક્ષા મુજબનો જવાબ મળેલ નથી. અને વિભાગ આના કારણે આયોગને જવબા રજૂ કરી શકેલ નથી. વધુમાં શ્રી શાહ સામે ડૉ.વર્ષાગગનવિહારી જાની ધ્વારા વિભાગમાં વારંવાર ફરિયાદો અને માહિતી અધિકાર અધિનિયમ અંતર્ગત પ્રશ્નો આવે છે. તેથી આયોગના અવલોકનો સંદર્ભે વિભાગ ધ્વારા લખાયેલ પત્રો સંબંધે યુનિવર્સિટી ગંભીર જણાતી નથી. જે બાબત પા.૪૦૯/પ.વિ. પર અગ્રસચિવશ્રીની સહીથી યુનિવર્સિટીના કુલપતિશ્રીને પત્ર લખીને

માંગેલ અહેવાલ મોકલવા જણાવેલ તથા પા.૪૪૩/પ.વિ. પર પુનઃ વિભાગના પત્રથી કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણ તથા કુલપતિશ્રીને અહેવાલ મોકલવા યાદી પાઠવી છે તે જોતાં જણાય છે.

૪/-યુનિવર્સિટીના કુલપતિશ્રી નજીકના ભવિષ્યમાં નિવૃત્ત થનાર છે, અને કમિશ્નરશ્રી કચેરી તરફથી અત્રે કોઈ સાનુકૂળ પ્રત્યુત્તર કરવામાં આવેલ ન હોઈ, પ્રસ્તુત બાબતોએ ડો.જાની ધ્વારા કરેલ ફરિયાદ અને તકેદારી આયોગ તરફથી તપાસ અહેવાલ મોકલવા સંબંધે અપેક્ષા હોઈ, અને બાબતો આક્ષેપો/ફરિયાદોને લગતી હોઈ, તથા કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણ તથા યુનિવર્સિટી તરફથી કોઈ તપાસ અહેવાલ અને ફરિયાદીની રજૂઆત ચકાસીને, અહેવાલ મોકલવાની તસ્દી લેવાઈ નથી. આ સંજોગોમાં સરકારના નિવૃત્ત તપાસ અધિકારીશ્રીને તપાસ સોંપવાનું યોગ્ય જણાય છે. કેમ કે, યુનિવર્સિટી અને તેના નિયંત્રણ હેઠળની સંસ્થા સરકાર પાસેથી અનુદાન મેળવતી જાહેર સંસ્થા હોઈ, તપાસના કાર્યક્ષેત્રમાં આવે છે. જેથી કરીને, તપાસ અધિકારીના તારણો સહ અહેવાલ આયોગને મોકલવાનું યોગ્ય જણાય છે. આમ છતાં નોંધ આદેશાર્થે રજૂ છે,

નિ.
૧૪/૨/૧૨

સે.અ.શ્રી
ઉ.સ.શ્રી
સં.સ.શ્રી
અગ્રસચિવશ્રી(શિક્ષણ)

સંયુક્ત સચિવશ્રી સાથે ઉચ્ચઅધિકારીશ્રીની
બેઠકોમાં ચર્ચા થયેલ છે.

આ કેસમાં ઘટનાક્રમ તારીખવાર દર્શાવીને
થયેલ કાર્યવાહીની વિગતો સહ વિગતવાર
નોંધ મુકવાની રહે છે.

સંસ્થાને ગ્રાન્ટ આપવા છતાં જો શાળા બાબતે
પગલાં લેવાના નથી તેવું અનુમાન છે તેથી
આ સંસ્થાના કારણો જણાવી તે સાથે
પુનઃ રજૂ કરવા જણાવી છે

[signature]
1.8-12

650

શ્રી પટેલ

તાત્કાલિક

ક્રમાંકઃ પરચ/૧૩૦૭/૧૫૧૭(ભાગ-૨)/ખ,
ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તારીખ

પ્રતિ,

(૧) શ્રી એન. કે. ફિટર, સંયુકત શિક્ષણ નિયામકશ્રી, (મહેકમ)
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગર

(૨) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત યુનિવર્સિટી, નવરંગપુરા, અમદાવાદ.

(૩) નિયામકશ્રી, લા.દ. ભારતીય સંસ્કુત વિધા મંદિર,
ગુજરાત યુનિવર્સિટી પાસે, નવરંગપુરા, અમદાવાદ

વિષય લા.દ. ભારતીય સંસ્કુત વિધા મંદિર, અમદાવાદ નિયામકશ્રી
જે.બી.શાહ સામે શિક્ષાત્મક પગલાં લેવા અંગે.

શ્રીમાન,

ઉપરોકત વિષયના ડૉ. વર્ષા ગગન વિહારી જાની ના તા.૨/૪/૧૧, તા.૬/૪/૧૧, તા.૯/૪/૧૧, તા.૧૪/૪/૧૧,ના આપને સંબોધિન લખેલા પત્રમાં લા.દ. ભારતીય સંસ્કુત વિધા મંદિર, અમદાવાદ નિયામકશ્રી જે.બી.શાહે ખોટા સર્ટીફીકેટ રજુ કરી નોકરી મેળવી હોવાથી તેમની સામે શિક્ષાત્મક પગલાં લેવા અંગે રજુઆત કરવામાં આવી છે. તે તરફ આપનું ધ્યાન દોરવામાં આવે છે.

ડૉ. વર્ષાબેન જાની તરફથી આ વિષયમાં વારંવાર રજુઆતો કરવામાં આવે છે. છેલ્લે ગુજરાત તકેદારી આયોગના તા.૧૬/૧૧/૧૦ અને તા.૨૯/૩/૧૧ ના પત્રથી પણ શ્રી જે.બી.શાહ સામેની કાર્યવાહી બાબતે સ્મૃતિપત્રો પાઠવવામાં આવ્યા છે. પરંતુ આપના તરફથી આ બાબતે કોઇ વિગતો સરકારશ્રીમાં કે ગુજરાત તકેદારી આયોગમાં પુરી પાડવામાં આવેલ નથી. આથી આ અંગેના તમામ સાધનિક કાગળો સાથે આ કેસના જાણકાર અધિકારીને રૂબરૂ ચર્ચા માટે તા.૪/૬/૨૦૧૧ ના રોજ સવારે ૧૧-૩૦ કલાકે મોકલી આપવા વિનંતી છે.

ISSUED
26 MAY 2011

આપનો વિશ્વાસુ,
(નિકુંજ જાની)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ

T/ખ-શાખા / ઉચ્ચ શિક્ષણ /28

તાત્કાલિક

ક્રમાંકઃ પરચ/૧૩૦૭/૧૫૧૭(ભાગ-૨)/ખ,
ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તારીખ ૪/૬/૨૦૧૧

પ્રતિ,

(૧) શ્રી એન. કે. ફિટર, સંયુકત શિક્ષણ નિયામકશ્રી, (મહેકમ)
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગર

(૨) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત યુનિવર્સિટી, નવરંગપુરા, અમદાવાદ.

વિષય લા.દ. ભારતીય સંસ્કૃત વિધા મંદિર, અમદાવાદ નિયામકશ્રી
જે.બી.શાહ સામે શિક્ષાત્મક પગલાં લેવા અંગે.

શ્રીમાન,

ઉપરોકત વિષયના આ વિભાગના સરખા ક્રમાંકના તા.૨૬/૫/૨૦૧૧ના પત્રો તરફ આપનું ધ્યાન દોરતાં જણાવવાનું કે ઉકત પત્રથી આપને ગુજરાત તકેદારી આયોગના તા.૧૬/૧૧/૧૦ અને તા.૨૯/૩/૧૧ ના પત્રથી શ્રી જે.બી.શાહ સામે કાર્યવાહી કરવા બાબતે લખવામાં આવેલા પત્રો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી છે તેની સંપૂર્ણ વિગતો અને સાધનિક કાગળો સાથે આ કેસના જાણકાર અધિકારીને રૂબરૂ ચર્ચા માટે તા.૪/૬/૨૦૧૧ ના રોજ બપોરે ૧૧-૩૦ કલાકે મોકલી આપવા જણાવવામાં આવ્યું હતું. પરંતુ આપની કચેરીમાંથી કોઇ અધિકારી રૂબરૂ ચર્ચા માટે આવેલ નથી. જે બરાબર નથી.

હવે આ વિભાગના તા.૧૫/૪/૨૦૦૯ના ક્રમાંકઃપરચ/૧૦૨૦૭૧/ એમઓએસ /૩૧૫/ખ અને સરખા ક્રમાંકના તા.૨૬/૫/૨૦૧૧ના પત્રો તથા ગુજરાત તકેદારી આયોગના તા.૧૬/૧૧/૧૦ અને તા.૨૯/૩/૧૧ ના પત્રો ઉપર છેલ્લે શી કાર્યવાહી કરવામાં આવી છે. તેની અધતન વિગતો/પત્ર વ્યવહાર સાથે તા.૭/૬/૨૦૧૧ ના રોજ બપોરના ૩-૦૦ કલાકે આ કેસના જાણકાર અધિકારીને રૂબરૂ ચર્ચા માટે અચૂક મોકલી આપવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

( નિકુંજ જાની )
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ

T/ખ-શાખા / ઉચ્ચ શિક્ષણ / 28

તકેદારી આયોગ સંદર્ભ

સત્યમેવ જયતે

ક્રમાંક:-પરચ-૧૩૦૭/૧૫૧૭/ભાગ-૨/ખ

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
સચિવાલય , ગાંધીનગર
તારીખ:- /૦૬/૨૦૧૧
29 JUN 2011

ડૉ. હસમુખ અઢિયા આઇ એ એસ
અગ્ર સચિવ

સ્નેહીશ્રી,

શ્રી જે. બી શાહની લાલભાઈ દલપતભાઈ સંસ્કૃતિ વિદ્યાલયના નિયામક તરીકે અનિયમિત નિમણૂક અને નાણાંના દુર્વ્યય બાબતના આ વિભાગના સરખા ક્રમાંકના તા-૨૬/૦૫/૨૦૧૧ ના પત્ર તરફ આપનું ધ્યાન દોરવામાં આવે છે.

ઉક્ત પત્રથી ડૉ. વર્ષાબેન જાનીની રજુઆતો અને ગુજરાત તકેદારી આયોગની સૂચનાઓ અન્વયે જે. બી શાહ ની લાલભાઇ દલપતભાઇ સંસ્કૃતિ વિદ્યાલયના નિયામક તરીકે અનિયમિત નિમણૂક બાબતે શી કામગીરી કરવામાં આવી છે તે અંગેનો વિગતવાર અહેવાલ માંગવામાં આવ્યો હતો પરંતુ આપનો તપાસ અહેવાલ હજુ મળ્યો નથી

તાજેતરમાં ગુજરાત તકેદારી આયોગના તા-૪/૦૬/૨૦૧૧ પત્ર ક્રમાંક:-શણખ-૧૦૦૧/૩૩૮૯(પાર્ટ-૨)માં આયોગને તા-૩૦/૦૬/૨૦૧૦ સુધીમાં અહેવાલ રજૂ કરવા સૂચના આપવામાં આવી હતી.( નકલ સામેલ છે.) પરંતુ આપના તરફથી અહેવાલ નહીં મળવાના કારણે આયોગને કોઇ જવાબ કરી શકાયો નથી આથી હવે વધુ વિલંબ નિવારી દિન-૩ માં આપના સ્પષ્ટ અભિપ્રાય સહ અહેવાલ મોકલી આપવા અનુરોધ છે

આપનો સ્નેહાધીન,

( ડૉ. હસમુખ અઢિયા)

29-06-2011

29/06/11

બિડાણ-ઉપર મુજબ
પ્રતિ,
શ્રી પરિમલ ત્રિવેદી
વાઈસ ચાન્સેલરશ્રી,
ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

Reminder- 37 -

પત્ર ક્રમાંકઃ પરચ/૧૩૨૦૧૨/૭૪૭/ ખ,
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તારીખ

પ્રતિ,

(૧) કમિશ્નરશ્રી,

બ્લોક નં. ૧૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૨) વાઇસ ચાન્સેલરશ્રી,

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

વિષય ડૉ. જે.વી.શાહની અનિયમિત નિમણૂંક અને નાણાંના દુરવ્યવહાર બાબત

શ્રીમાન,

ડૉ. જે.બી.શાહની લાલભાઇ દલપતભાઇ ભારતીય સંસ્કૃતિ વિધામંદિર, અમદાવાદના નિયામક તરીકે અનિયમિત નિમણૂંક અને નાણાંના દુર્વ્યય બાબતના આ વિભાગના સરખા ક્રમાંકના તા.૨૬-૫-૨૦૧૧ તથા તા.૨૯-૬-૨૦૧૧ના પત્રો તરફ આપનું ધ્યાન દોરવામાં આવે છે.

ઉકત પત્રથી ડૉ. વર્ષાબેન જાનીની રજુઆતો અને ગુજરાત તકેદારી આયોગની સુચનાઓ અન્વયે ડૉ. જે.વી.શાહની લાલભાઇ દલપતભાઇ ભારતીય સંસ્કૃતિ વિધાલયના નિયામક તરીકે અનિયમિત નિમણૂંક બાબતે શી કામગીરી કરવામાં આવી છે તે અંગેનો વિગતવાર અહેવાલ મંગાવવામાં આવ્યો હતો, પરંતુ આપનો તપાસ અહેવાલ આજદિન સુધી મળેલ નથી. આ અંગે ગુજરાત તકેદારી આયોગના તા.૨૯-૩-૨૦૧૧ના પત્ર ક્રમાંકઃશણખ/૧૦૦૧/૩૩૮૯(પાર્ટ-૨) માં આયોગ ધ્વારા તા.૩૦-૪-૨૦૧૧ સુધીમાં અહેવાલ રજૂ કરવા સુચના આપવામાં આવી હતી. જેની નકલ આપને મોકલેલ છે. પરંતુ આપનાં તરફથી અહેવાલ નહી મળવાના કારણે આયોગને કોઇ જવાબ કરી શકાયો નથી, હવે વધુ વિલંબ નિવારી દિન-૧૫માં આપના સ્પષ્ટ અભિપ્રાય સહ અહેવાલ મોકલી આપવા અનુરોધ છે.

ISSUED
MAR 2012

આપનો વિશ્વાસુ,

12/3/2012
( એમ.એસ.ખુમાર )
ઉપસચિવ
શિક્ષણ વિભાગ

બિડાણ-ઉપર મુજબ.

T / ખ-શાખા / સ.શિ.નિયામકશ્રી/ 72

તા:- ૫-૧૨-૨૦૧૬.
બાબત - ૨(૪).

૨૦૧૫થી CAS હેઠળ અપાયેલ પ્રોફેસર [illegible] સંમોજક યુ.જી.સી.ના પત્ર D.O.No.F.3-[illegible]/૨૦૦૯ (PS) તા.[illegible]-૧૦-૨૦૧૫ના [illegible] બાબત [illegible] છે જે અંગે પુનઃવિચાર કરી તેઓને પ્રોફેસર તરીકે મળવાપાત્ર બઢતી [illegible] આપવા [illegible] ચર્ચાવિચારણા કરવા અર્થે રજૂ.

ઠરાવ : આથી ઠરાવવામાં આવે છે કે કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમ (CAS) હેઠળ આપવાના થતા પ્રમોશન માટે હવે પછી હાથ ધરનાર કાર્યવાહી દરમ્યાન [illegible]શાસ્ત્ર વિષયના એસોસીએટ પ્રોફેસર ડૉ. કાર્તિક એમ. ભટ્ટની અરજી મળેથી તેઓને પ્રોફેસર તરીકે મળવાપાત્ર બઢતી આપવા અંગે પ્રવર્તમાન નિયમાનુસાર કાર્યવાહી હાથ ધરવાનું રાખવું.

૨ : (૪) ડૉ. વર્ષા ગગનવિહારી જાનીની તા.૦૮-[illegible] ની અરજી રજૂઆત, તકેદારી આયોગનો અહેવાલ, સરકારશ્રીના અહેવાલ અને ડીનશ્રી ફેકલ્ટી ઓફ મેટેસના તા.૧૬-૧૧-૨૦૧૬ના પત્રની વિગતો ધ્યાને લઇ એલ.ડી.ઇન્સ્ટીટ્યુટ ઓફ ટેક્નોલોજી, નવરંગપુરા, અમદાવાદના ડૉ.જે.બી.શાહની નિમણુક રદ કરવા અંગે વિચારણા કરવા બાબત.

ઠરાવ : આથી ઠરાવવામાં આવે છે કે એલ.ડી. ઇન્સ્ટીટ્યુટ ઓફ ટેક્નોલોજી, નવરંગપુરા, અમદાવાદના ડૉ.જે.બી.શાહની નિમણુંક રદ કરવા અંગેની બાબત ગુજરાત યુનિવર્સિટીના કાર્યક્ષેત્રમાં આવતી ન હોઇ, નિમણુંક રદ કરવા અંગેની કોઇ કાર્યવાહી હાથ ધરવાનું રાખવું નહીં.

બા. ક. ૩. તા.૧૪-૧૦-૨૦૧૬ના રોજ મળેલ એક્ઝીક્યુટીવ કાઉન્સિલની મિટિંગના બા.ક.૧૦માં સર્વાનુમતે થયેલ ઠરાવ મુજબ

૩ : (૧). શ્રી દર્શનસિંહ સોલંકી, યુનિવર્સીટી એન્જીનીયર, ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદ દ્વારા કરવામાં આવેલ ગેરરીતિઓ તથા તેમને [illegible] લીધેલ પગલાની જાણ સભ્યોને કરવી. શ્રી દર્શનસિંહ સોલંકીની સામે શિસ્તના [illegible] તથા ખાતાકીય તપાસ કરાવવા અંગે વિચારણા કરવા બાબત.

ઠરાવ : આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી એન્જીનીયર શ્રી દર્શન સોલંકીના કેસમાં તા.૧૪/૧૦/૨૦૧૬નાં રોજ મળેલ એક્ઝિક્યુટિવ કાઉન્સિલમાં થયેલ નોંધ [illegible] ઠરાવની નોંધ લઇને અનુમોદન આપવાનું રાખવું.

"મેથેમટીકસ અને સ્ટેટેસ્ટીકસ વિભાગના બાંધકામ [illegible] યુનિવર્સિટીના ઇલેક્ટ્રીકલ કામોમાં Lowest-1 tender મંજુર થયેલ કંપનીઓ પાસેથી સમયસર [illegible] ગેરંટી ન લેવા અંગે, ટેન્ડરની અન્ય શરતોનો ભંગ કરવા, યુનિવર્સિટીને આર્થિક નુકસાન [illegible] તેમજ યુનિવર્સિટીના ઉપલા અધિકારીઓને ગેરમાર્ગે દોરી ફરજ પ્રત્યે બેદરકારી કરવાના [illegible] સભા સમક્ષ રજૂ થયેલ બાબતો અંગે પુરાવાઓને